## *સ્પે.સીવીલ સ્યુટ નં. 276/2013*

**આંક-૧ નીચે હુકમ**

આજ રોજ કોર્ટ સમય દરમ્યાન પક્ષકારો તથા તેના વિ.વ.શ્રીનાઓને અવાર નવાર પોકાર કરાવા છતાં હાજર નથી, કોઈ રીપોર્ટ કે રજુઆત નથી. રેકર્ડ ધ્યાને લેતાં હાલનો દાવો સને ૨૦૧૩ માં દાખલ કરેલ છે અને ત્યારથી હાલનો દાવો અમુક પ્રતિવાદીઓને બજવા સારું તેમજ વાદી તર્ફે આ કામે કોર્ટના હુકમ દ્વારા સુધારેલી દાવા અરજી રજુ કરવા માટે ઘણા લાંબા સમયથી મુલત્વી છે. તેમજ અમુક પ્રતિવાદીઓના જવાબ રજુ થવા માટે પણ મુલત્વી છે. પરંતુ તેઓ પણ હાજર રહેતાં નથી, પોતાનો બચાવ પણ રજુ કરતાં નથી. આમ, વાદી કે પ્રર્તિવાદી કોઈપણ પક્ષકાર કોટમાં હાજર રહી કેસની કાર્યવાહી હાજર રહી આગળ ચલાવવા લેશમાત્ર દરકાર લીધેલ નથી.

આ સંજોગોને ધ્યાને લઈ તેવું જણાઈ આવે છે કે, હાલના દાવામાં વાદી કે પ્રતિવાદી કે અન્ય કોઈ પક્ષકારને કેસ આગળ ચલાવવામાં કોઈ રસ નથી. ત્યારે તેઓની ગે.હા. માં કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ નથી. વધુમાં આવા કેસ રાખી મુકવાથી ન્યાયનું હીત જળવાઈ તેમ નથી.

વધુમાં હાલના ટેકનીકલ યુગમાં કોઈ પણ પક્ષકાર કે વકીલ શ્રી ઘરે બેઠા પણ પોતાના કેસની તમામ હકીકતો જેવી કે, કેસ કઈ કોર્ટમાં છે, કયાં સ્ટેજ પર છે, તેમજ કઈ મુદત તારીખે કેસ છે વિગેરે જેવી માહિતી સરળતાથી મળી જાય તેમ હોય છતાં પક્ષકાર કે તેઓના વ.શ્રી સદર કેસમાં ઘણા લાંબા સમયથી હાજર રહી કેસની કાર્યવાહી ચલાવતાં નથી. જેથી ઉપરોકત કારણોસર હાલના દાવા હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

વાદીનો હાલનો દાવો વાદીની ગે.હા. માં કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૨૧ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.21/09/2024
સ્થળ:અમદાવાદ.

( એમ. એસ. સુતરીયા)
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા
કોડ નં. જી.જે.૦૦૮૪૬